# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 27-07-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*********************************************

- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરશે.**
- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, વિકસિત ભારતના સ્વપ્નોને તમામ રાજ્યના સહિયારા પ્રયાસથી પૂર્ણ કરી શકાશે.**
- **કેન્દ્રીય મંત્રી હરદિપસિંહ પુરીએ જણાવ્યું કે, છેલ્લા દસ વર્ષમાં કેન્દ્ર સરકારે ગુજરાતની આર્થિક સહાયમાં 340 ટકાનો વધારો કર્યો.**
- **યુનેસ્કોએ વૈશ્વિક ધરોહર યાદીમાં સાત નવા ઐતિહાસિક સ્થળનો સમાવેશ કર્યો**
- **ગુજરાત સહિત મધ્ય ભારતમાં આગામી બે દિવસમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી**

*********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલ સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ આ કાર્યક્રમનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આવતીકાલ રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, **AIR** ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન **AIR** મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

# PM GOVERNING COUNCIL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, વિકસિત ભારત એટ ધ રેટ 2047 દરેક ભારતીયની મહત્વાકાંક્ષા છે. રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્રમાં નીતિ આયોગની નવમી ગવર્નિંગ કાઉન્સીલની બેઠકને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, લોકો સાથે સીધા જ જોડાયેલા હોવાના કારણે રાજ્ય આ ઉદ્દેશ્યને હાંસલ કરવામાં એક મહત્વની ભૂમિકા નિભાવી શકે છે. શ્રી મોદીએ કહ્યું, આ દાયકો ટેકનોલૉજી અને ભૂ-રાજનીતિ તથા તક માટે પરિવર્તનનો છે. ભારતે આ તકનો લાભ લઈ આંતરરાષ્ટ્રીય રોકાણ માટે અનુકૂળ નીતિ બનાવવાની જરૂર છે. તેમણે કહ્યું કે, વિકસિત ભારત એટ ધ રેટ 2047ના સ્વપ્નોને તમામ રાજ્યના સહિયારા પ્રયાસમાં પૂર્ણ કરી શકાય છે.

નીતિ આયોગની આ બેઠકમાં તમામ રાજ્યના મુખ્યમંત્રી અને કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપરાજ્યપાલ, વિશેષ આમંત્રિત સભ્યો તથા નીતિ આયોગના ઉપાધ્યક્ષ સુમન બેરી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભારતને એક વિસકિત દેશ બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરવાની સાથે આ વર્ષની બેઠકનો વિષય “વિકસિત ભારત એટ ધ રેટ 2047” હતો. બેઠકમાં દ્રષ્ટિપત્રના પ્રસ્તાવ પત્ર અંગે પણ ચર્ચા થઈ.નીતિ આયોગે કહ્યું કે, ઘરેલુ ઉત્પાદન એટલે કે, GDP પાંચ ટ્રિલિયન ડૉલરના આંકડાને પાર કરવાની સાથે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાની દિશામાં અગ્રેસર છે. ભારતની મહત્વાકાંક્ષાઓ વર્ષ 2047 સુધી 30 ટ્રિલિયન અમેરિકી ડૉલરની અર્થવ્યવસ્થા બનવાની છે. વર્ષ 2047 સુધી વિકસિત ભારત બનવાના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે એક સહયોગપૂર્ણ અભિગમની જરૂર પડશે.

# JUSTICE SURYAKANT

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સૂર્યકાંતે 29 જુલાઈથી 3 ઑગસ્ટ સુધી યોજાનારી વિશેષ લોક અદાલત સપ્તાહમાં ભાગીદારી માટે નાગરિકોને આમંત્રણ આપ્યું છે.

આકાશવાણી સાથેના વિશેષ સંવાદમાં ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે, લગ્ન અને સંપત્તિ વિવાદ, મોટર અકસ્માતનો દાવો, સેવા અને શ્રમ મુદ્દાઓ સહિતના કેસનો નિર્ણય લોક અદાલતમાં કરાશે. શ્રી સૂર્યકાંતે કહ્યું કે, આ પહેલ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી દૂરસ્થ સહભાગિતાને પણ સરળ બનાવશે.

# MANDAVIYAINTERNSHIP

કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું, તાજેતરમાં રજૂ થયેલા અંદાજપત્રમાં તાલીમ યોજના એ પાંચ વર્ષથી વધુના કાર્યકાળમાં ચાર કરોડથી વધુ યુવાનોના કૌશલ્ય વિકાસ અને અન્ય તક પૂરી પાડશે.

માધ્યમો સાથે સંવાદ કરતા શ્રી માંડવિયાએ કહ્યું, મોટી કંપનીઓની તાલીમથી પ્રાપ્ત થયેલા અનુભવથી યુવાનોમાં કૌશલ્ય અને રોજગાર ક્ષમતામાં સુધારો થશે. તાલીમ કાર્યક્રમ દરમિયાન સરકાર પાંચ વર્ષ દરમિયાન 500 મોટી કંપનીમાં એક કરોડથી વધુ યુવાનોને તાલીમની તક પૂરીપાડશે. 12 મહિનાની તાલીમના સમયગાળા દરમિયાન યુવાનોને છ હજાર રૂપિયાની સાથે સાથે પાંચ હજાર રૂપિયા પ્રતિ માસ અપાશે.

# HARDIP SINGH PURION BUDGET

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું છે કે, કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલું અંદાજપત્ર એ ભારતને 2047 સુધીમાં વિશ્વના ટોચના ત્રણ અર્થતંત્રમાંનું એક બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી પુરીએ બિહાર અને આંધ્રપ્રદેશને જ અંદાજપત્રમાં વિશેષ સહાય આપી હોવાના વિરોધ પક્ષના આરોપને વખોડી કાઢ્યો હતો. તેમણે જણાવ્યું કે, છેલ્લા 10 વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને મળતી અંદાજપત્રીય ફાળવણીમાં 340 ટકાનો વધારો થયો છે. સેમિ-કન્ડક્ટર, પવન ઊર્જા પ્લાન્ટ સહિતના કેટલાક વિકાસકાર્યો રાજ્યને ફાળવવામાં આવ્યા છે.

શ્રી પુરીએ કહ્યું કે, અંદાજપત્ર યુવાનોને કૌશલ્ય પ્રદાન કરીને તેમને પગભર બનાવવા, માળખાકીય વિકાસને મજબૂત બનાવવા તેમ જ ઊર્જાના ટકાઉ સંશાધનો વિકસાવવા પર વિશેષ ભાર મૂકે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# UNESCO – HERITAGE SITES

સંયુક્ત રાષ્ટ્રસંઘની સાંસ્કૃતિક સંસ્થા યુનેસ્કોએ નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે આજે 46મા વિશ્વ ધરોહર સમિતિ સત્રમાં વૈશ્વિક ધરોહર યાદીમાં સાત નવા ઐતિહાસિક સ્થળનો સમાવેશ કર્યો છે.

જાપાનના સાદોદ્વીપ સોનાની ખાણ, ચીનનું પેઈચિંગ સેન્ટ્રલ એક્સિસ, થાઈલેન્ડનું ફૂ ફ્રાબાટ ઐતિહાસિક પાર્ક, રશિયાનું કેનોજેરો ઝીલ લેન્ડ સ્કેપ, કેન્યાનું ઐતિહાસિક શહેર અનેગેડનું પુરાતત્વ સ્થળ, દક્ષિણ આફ્રિકાનો માનવાધિકાર, મુક્તિ અને સમાધાન માટે નેલ્સન મંડેલા ધરોહર સ્થળ અને મલેશિયાનું નિયા રાષ્ટ્રીય ઉદ્યાન ગુફા પરિસરની સમિતિએ પસંદગી કરી છે. આ તમામ સ્થળને સાંસ્કૃતિક શ્રેણીમાં પસંદ કરવામાં આવ્યા છે.

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ સુધી મધ્ય ભારતમાં ભારેથી અતિભારી વરસાદ યથાવત્ રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગે જણાવ્યું કે, ગુજરાત, ઉત્તરાખંડ, પૂર્વ રાજસ્થાન, કેરળ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને વિદર્ભ સહિત મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ અને ગોવામાં આવતીકાલ સુધીમાં ભારે વરસાદની આગાહી છે.

દરમિયાન ઉત્તરપ્રદેશ, તામિલનાડુ, પોંડિચેરી અને કર્ણાટકમાં આજે ભારે વરસાદની સંભાવના યથાવત્ છે. જ્યારે આગામી પાંચદિવસ સુધી હિમાચલપ્રદેશ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં ભારે વરસાદની શક્યતા છે.પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં આ જ પ્રકારની સ્થિતિ યથાવત્ રહેવાનું અનુમાન છે.

# NAVI MUMBAI BUILDINGCOLLAPSE

મહારાષ્ટ્રમાં આજે સવારે નવી મુંબઈના બેલાપુર વિસ્તારમાં 2 માળનું ભવન ધરાશાયી થતાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મૃત્યુ નીપજ્યા છે. જ્યારે 2 લોકો ઈજાગ્રસ્ત થયા છે. નવી મુંબઈ નગર નિગમના કમિશનર કૈલાસ શિન્દુએ કહ્યું કે, પોલીસ અને સરકારી અધિકારીઓની સાથે રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ દળ – **NDRF**એ રાહત અને બચાવ કામગીરી કરીહતી.

દરમિયાન 13 બાળક સહિત 52 લોકોને ભવનમાંથી સલામત રીતે બહારકાઢવામાં આવ્યા હતા. રાહતકર્મીઓએ 2 લોકોને કાટમાળમાંથી બહાર કાઢ્યા છે. આ ઘટના અંગે તપાસ કરાવવામાં આવશે. મુંબઈ અને મહારાષ્ટ્રના અનેક વિસ્તારમાં ઘણા દિવસોથી સતત વરસાદ વરસી રહ્યો છે. આ વરસાદના કારણે અનેક વિસ્તારમાં પાણી ભરાઈ જવાથી જાહેર વાહનવ્યવહાર ખોરવાયો અને ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ છે.

# EARTHSCIENCES MINISTRY FOUNDATION DAY

નવી દિલ્હીના પૃથ્વિ ભવન મુખ્ય મથક ખાતે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે આજે પોતાનો 18મો સ્થાપના દિવસ ઉજવ્યો. આ મંત્રાલયની સ્થાપના આજના દિવસે વર્ષ 2006માં થઈ હતી. આ મંત્રાલયે પૃથ્વી પ્રણાલી વિજ્ઞાનમાં મહત્વપૂર્ણ યોગદાનના લગભગ 2 દાયકા પૂર્ણ કર્યા છે.

ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર પ્રધ્યાપક અજયકુમાર સુદ આ વર્ષના સ્થાપના દિવસના મુખ્ય અતિથિ હતા. આ કાર્યક્રમ દરમિયાન પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના સચિવ ડૉ. એમ. રવિચન્દ્રને કહ્યું, મંત્રાલયની સ્થાપનાના 18 વર્ષ બાદ વિભાગને પોતાની અનેક સિદ્ધિઓ પર ગર્વ છે. વિભાગે ખાદ્ય, જળ, ઊર્જા, આરોગ્યઅને જળવાયુ પરિવર્તન જેવા આવનારા પડકારોને પહોંચી વળવા માટે તૈયાર રહેવું જોઈએ.

# CRICKET- IND VS SL

ભારત અને શ્રીલંકા વચ્ચેની પ્રથમ ટી-20 મેચમાં શ્રીલંકાએ ટોસ જીતીને ભારતને બેટીંગ સોંપી છે. શુબમન ગીલ અને જયસ્વાલની 74 રનના સ્કોર ઉપર ભારતે 2 વિકેટ ગુમાવી. દરમિયાન શુબમન ગીલે 34 અને જયસ્વાલે 40 રન કર્યા હતા. હાલમાં મળતા અહેવાલ અનુસાર ભારતે 9 ઓવર સુધીમાં 2 વિકેટ ગુમાવી 102 રન કર્યા છે.

# ISRAEL ATTACK

પેલેસ્ટાઇનની શાળા પર ઇઝરાયેલી હુમલાના પગલે મધ્ય ગાઝામાં ઓછામાં ઓછા 30 પેલેસ્ટિનિયન માર્યા ગયા અને 100 થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા.

દરમિયાન, ઇઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે હમાસની શાળાના પરિસરમાં આવેલા એક કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરને નિશાન બનાવ્યું હતું. તેમાં કહેવામાં આવ્યું છે કે, શાળાનો ઉપયોગ ઇઝરાયેલી સૈનિકો સામે હુમલા કરવા અને શસ્ત્રોનો સંગ્રહ કરવા માટે કરવામાં આવી રહ્યો હતો, અને તેઓએ હુમલો કરતા પહેલા નાગરિકોને ચેતવણી આપી હતી.